હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આમાં એક પ્રશ્ન થાય છે..., બધી જ પાર્ટી વાળા અલગ અલગ આવીને એક જ વાત કહે છે, તમને ન્યાય મળશે... પણ ન્યાય તો એક જ હોય... તો બધા ભેગા કેમ નથી આવતા...!?

મોંઘવારી સામે ગૃહિણીઓનો માસ્ટર સ્ટ્રોક !!!

શાકમાર્કેટમાં ''પીક અવર્સ'' પત્યાં બાદ ખરીદી..!!!

શાકમાર્કેટમાં સાંજના ''પીક અવર્સ'' દરમ્યાન મોંઘા ભાવે ખરીદી કરવા કરતાં રાત્રે ઓછી ઘરાકીમાં વધુ વળતર સાથે ખરીદી કરવાનો ગૃહિણીઓનો ''સ્માર્ટ'' તુક્કો

ગાંધીનગર, તા. ૨૧

વિશ્વભરમાં ભલે આતંકવાદ એક મોટી સમસ્યા જણાતી હોય અથવા દેશમાં જ્ઞાતિવાદ કે કોમવાદ વકર્યો હોય, પરંતુ એક સરેરાશ સામાન્ય મધ્યમવર્ગીય પરિવાર માટે તો આજે પણ મોંઘવારી એક માત્ર સમસ્યા એવી છે જે આંતકવાદ કરતા પણ વધુ ડરાવનાર સાબિત થઈ રહી છે. એક પરિવારની આવકનો મોટો હિસ્સો આ મોંઘવારીના કારણે વપરાઈ જવાથી તેમની અનેક જરૂરિયાતો તથા સામાજિક જવાબદારીઓ પ્રત્યે અત્યંત સમાધાનભર્યુ વલણ દાખવવુ પડે છે. એટલુ જ નહી પરંતુ રોજબરોજની જરૂરિયાતો અંગે પણ ઘણી બધી સમજૂતિ કરવી પડી રહી છે. જેના કારણે પરિવારની માનસિક સ્વસ્થતા પર અસર પડી રહી છે. જો કે આ સાથે હજુ પણ મધ્યમવર્ગીય પરિવારની ગૃહિણીઓ પોતાની કોઠાસુઝના આધારે અસહ્ય મોંઘવારીમાં પણ બચતના અવનવા રસ્તા શોધી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવવધારા સામે લડત આપતી અસરકારક યોદ્ધા સાબિત થઈ રહી છે.

સામાન્ય રીતે શાકભાજી, દૂધ અને કરિયાણુ એ દરેક પરિવારની રોજીંદી જરૂરિયાત છે. દૂધ અને કરિયાણાના ભાવોમાં વધારા સામે ગૃહિણીઓ લાચાર જરૂર છે પરંતુ શાકભાજીમાં પણ ભાવવધારો તેમના માટે આકરો સાબિત થઈ રહ્યો છે. આ સંજોગોમાં કેટલીક ગૃહિણીઓએ સસ્તા ભાવે શાકભાજી મેળવવા અજબ કિમિયો શોધી કાઢ્યો છે.

મોટેભાગે સાંજનો સમય એ શાકમાર્કેટમાં ''પીક અવર્સ'' ગણાય છે. તે દરમ્યાન શહેરના તમામ શાકમાર્કેટમાં ભારે ભીડ જોવા મળે છે. આ સમયે ઘરાકી વધુ હોવાના કારણે શાક માર્કેટના વેપારીઓ પણ શાકના ભાવમાં ''વધારો'' રળી લેવાની તક ચૂકતા નથી. તથા ભાવમાં કસર કે ડિસ્કાઉન્ટ આપવામાં આનાકાની કરે છે.

હાય રે મોંઘવારી..!!!

આથી શહેરની કેટલીક મધ્યમ વર્ગીય ગૃહિણીઓ હવે સાંજના ''પીક અવર્સ''ને બદલે રાત્રિના આઠેક વાગ્યા આસપાસ જ્યારે લગભગ નહિવત ઘરાકી હોય અને વેપારીઓ પણ ઘરે જવાની ઉતાવળમાં હોય ત્યારે શાક ખરીદવા જવાનું પસંદ કરવા લાગી છે. આ સમયે વેપારીને મોટા ભાગનો વેપાર થઈ ગયો હોવાથી બાકીનો માલ સસ્તામાં કાઢી નાંખવામાં વાંધો હોતો નથી તેથી તે ભાવમાં વધુ કસર આપે છે. વળી, શાકભાજી એ જલ્દી બગડી જતી પ્રોડક્ટ હોવાથી વેપારી એમ વિચારે છે કે માલ પડી રહીને બગડે તેના કરતા ઓછે નફે પણ વેચાઈ જાય તો સારૂ જેથી તે ભાવમાં જલ્દી નીચે ઉતરે છે. ઘણીવાર તો વધેલો માલ ઉચ્ચક સસ્તા ભાવમાં વગર તોલે મળી જાય છે. જેમાં ગૃહિણીને વધુ ફાયદો થતો હોય છે. જો કે આ સોદામાં થોડો ઘણો માલ બગડેલો આવવાની શક્યતા હોય છે પરંતુ સસ્તી કિંમતમાં વધુ જથ્થો મળતો હોવાથી સરવાળે ખરીદનારને ફાયદો થાય છે. માર્કેટ બંધ થતી વેળાની ખરીદીમાં આશરે શાકદીઠ રૂ. ૧૦ થી ૧૫ના ફાયદા સાથે કુલ ખરીદીમાં લગભગ રૂ. ૫૦ થી રૂ. ૭૦ સુધીની ગૃહિણીઓ બચત કરી લે છે. આ કારણે મોંઘવારી સામે લડવા શહેરની અનેક ગૃહિણીઓ આ ''સ્માર્ટ'' તુક્કો અજમાવી રહી છે.

ખૂણે ખાંચરેથી...

● રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ લવાડ ખાતે રક્ષાશક્તિ યુનિ.ના ભૂમિપૂજન માટે જઈ રહ્યા હોઈ તંત્ર તેની તૈયારીમાં વ્યસ્ત બન્યું છે.

● જિલ્લા કલેક્ટર સતીષ પટેલ તેમની રજા ટુંકાવી ફરજ પર હાજર થઈ ગયા છે.

● ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી જયશ્રીબેન દેવાંગને આજે તેમને દત્તક અપાયેલ નવા બબલપુરા પ્રા. શાળાની મુલાકાત લીધી હતી.

● ગાંધીનગર મામલતદાર કચેરીમાં આજે સવારે સાપ નીકળ્યો હતો. ગઈકાલે દેખા દીધેલ આ સાપને આજે પકડી જંગલમાં છોડી દેવાયો છે. સાપ ઝેરી નહિ હોવાનું કચેરીના કર્મચારીઓ કહી રહ્યા હતા.

● ''મારી ગુજરાતી'' નામની નવી વેબસાઈટ લોંચ થઈ છે. આ વેબસાઈટ ગાંધીનગરના યુવા અગ્રણી અને રંગકર્મી કુંતલ નિમાવતે બનાવી છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં લાઈટોના ધાંધિયા વધી જતા ગ્રામીણ વિસ્તારોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

● આજે આરોગ્ય વિભાગ દ્વારા વિડીયો કોન્ફરન્સ યોજી રોગચાળા અંગેની કામગીરી બાબતે સમીક્ષા કરવામાં આવી હતી.

● વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા દિલ્હી ગયા હોવાથી તેમના સમર્થકો અને શુભેચ્છકોએ ફોન પર જન્મદિવસની શુભકામનાઓ આપી હતી.

● ગુરૂપૂર્ણિમાને દિવસે સેક્ટર-૨૩ના સ્વામિ હરિકેશવદાસજીએ ફુલ કે ગુલદસ્તાની જગ્યાએ ભેટમાં પેન માગી હતી. જે વિદ્યાર્થીઓને ભેટ કરી દીધી. 'સોચ બદલો દેશ બદલેગા' નવતર પ્રયોગ અભિનંદનીય છે.

કરાઈ કેનાલમાંથી પ્રેમી યુગલના મૃતદેહ મળ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક આવેલા કરાઈ સાયફનમાં પાણીમાંથી આજે અમદાવાદ નિકોલ વિસ્તારના યુવક-યુવતીના હાથ બાંધેલી હાલતમાં તરતા મૃતદેહ મળી આવ્યા હતા. બે દિવસથી ઘરેથી લાપતા આ પ્રેમી યુગલે કોઈ કારણોસર આપઘાત કરી લીધો હોવાની શક્યતા છે. ડભોડા પોલીસે બંનેના મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

કરાઈ સાયફનમાંથી આજે બપોરના અરસામાં હાથ બાંધેલી હાલતમાં એક યુવાન અને યુવતીના તરતા મૃતદેહ મળી આવતા ડભોડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. બંનેના મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે અમદાવાદ નીકોલ વિસ્તારના આ પ્રમીયુગલ છે. બે દિવસથી ઘરેથી નીકળી ગયા છે. ૨૩ વર્ષિય અલ્પેશ રમેશભાઈ ઠાકોર અને ૧૮ વર્ષિય કિંજલ ભીખાભાઈ રાવલના મૃતદેહ બહાર કાઢી પરીવારજનોને બોલાવી લેવાયા હતા. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને બંને મૃતદેહ પી.એમ. માટે મોકલી આપઘાતની આશંકાને પગલે કારણ જાણવા તપાસનો દૌર શરૂ કર્યો છે.

ધારાસભ્યનો લોકદરબાર યોજાયો

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે તેમના મત વિસ્તારમાં રવિવારે મૌસમ ઋતુમાં રવિવારના રોજ ઉનાવા, સોનીપુર તેમજ કોલવડા ખાતે લોકોના પ્રશ્નો અને જનસંપર્ક માટે પ્રવાસનું આયોજન કરેલ હતુ. જેમાં ઉનાવાના સરપંચ તથા ડેપ્યુટી સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો અને ખાસ કરીને ધર્મધરોહરના ગાદીપતિ શકરાબાપા પણ ઉપસ્થિત રહ્યા હતા અને ગામ લોકોના પ્રશ્નોને સાંભળીને ત્વરિત ટેલીફોનીક આદેશો અને લેખિતમાં પણ આદેશો કર્યા હતા. તેજ રીતે સોનીપુર મુકામે પણ સરપંચ, ડેપ્યુટી સરપંચ અને ગ્રામજનો હાજર રહ્યા હતા અને બક્ષીપંચનું આ ગામ છે. ત્યાં પણ લોકોના પ્રશ્નો સાંભળ્યા હતા. કોલવડા ગામે પણ સરપંચ તેમજ સમાજના પાટીદાર સમાજના આગેવાનો સાથે મિટીંગ કરી હતી અને એમના પ્રશ્નો લીધા હતા અને કોલવડા ખાતે ખાસ કરીને ગુડાને લગતા પ્રશ્નોની વિગતે ચર્ચા વિચારણા કર્યા બાદ ટીપી-૧૪ અને ટીપી-૧ પની ટીપીઓને રજુઆત કરવાની સત્વરે ગ્રામજનોને હૈયાધારણા આપી હતી.

મુખ્ય ઘ-માર્ગ પર ૧૫ કલાક સુધી મૃતદેહ પડી રહ્યો..!

સે. ૬/૭ ના બસ સ્ટેન્ડ સામેના માર્ગ પર બાંકડા ઉપર અડધો લબડી પડેલો મૃતદેહ કોઈના ધ્યાને ન આવ્યો ? સવારે છ વાગે પીધેલો સમજીને ધ્યાન ન આપ્યું, સાંજે પાંચ વાગે પોલીસ આવી

ગાંધીનગર, તા. ૨૧

પાટનગરના મુખ્ય માર્ગ ગણાતા ઘ-માર્ગ પર સે. ૬/૭ના બસસ્ટેન્ડની સામેના વિસ્તારમાં એક આધેડનો મૃતદેહ બાંકડા પર લબડેલી હાલતમાં વહેલી સવારથી પડ્યો હતો. સાંજ સુધી કેટલાય વાહનચાલકો-રાહદારીઓ અને પોલીસ અધિકારી-કર્મચારીઓ પણ ત્યાંથી પસાર થયા હશે પરંતુ આ આધેડ પીધેલો પડ્યો હશે તેમ માની કોઈએ તેને શું થયું છે ? તે જાણવા સુદ્ધાની દરકાર કરી ન હતી. સાંજે પાંચ વાગે રાહદારીએ પોલીસને જાણ કરતાં સે. ૭ પોલીસ આવી હતી. સવારે ૬ વાગે પીધેલો સમજીને જે યુવાન બાજુના ગલ્લાધારકને એમ કહીને નીકળ્યો હતો કે 'જો આ ભાઈ કલાકમાં ઉઠે નહી તો પોલીસ બોલાવજે' તે જ યુવાને સાંજે પાંચ વાગે ત્યાંથી નીકળ્યો અને તેનું ધ્યાન તે બાંકડે પડ્યુ હતુ. સવારે જે પોઝીશનમાં આધેડ હતો તે જ પોઝીશનમાં તેને સાંજે પણ જોઈને તેનું મૃત્યુ થયુ હોવાનો અંદાજ આવી જતા પોલીસને તેણે જાણ કરી બોલાવી લીધી હતી. નવાઈની વાત તો એ છે કે આ ઘ-માર્ગ પર હજ્જારો વ્યક્તિઓ સવારથી સાંજ સુધી અવરજવર કરી ચુક્યા હશે અને પોલીસમથક પણ ૨૦૦ મીટરના અંતરે હોવાથી પોલીસ અધિકારી-કર્મચારીઓ પણ અહીંથી ઘણીવાર નીકળ્યા હશે પરંતુ કોઈએ આ આધેડ કેમ ઊંધા માથે બાંકડા પર લબડી પડ્યો છે તે જાણવાનો પ્રયાસ પણ કર્યો ન હતો. ડીવાયએસપી વિજય પટેલને આ ઘટના અંગે સાંજે પાંચ વાગ્યે મેસેજ મળતા તેમણે સે. ૭ પોલીસને દોડાવી હતી. બિનવારસી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી સે. ૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

માઉન્ટ કાર્મેલ શાળા ખાતે ક્વીઝ સ્પર્ધા યોજાઈ

માઉન્ટ કાર્મેલ સ્કૂલ, સેકટર-૨૧ ખાતે ધોરણ ૧૧-૧૨, સાયન્સ-કોમર્સના વિદ્યાર્થીઓ માટે ક્વીઝ સ્પર્ધાનું આયોજન લાયન્સ કલબ તેમજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં કુલ-૧૨ ટીમોએ ભાગ લીધો હતો. ચાર રાઉન્ડમાં યોજાયેલી આ સ્પર્ધા ખૂબ રસપ્રદ અને જ્ઞાનસભર રહી હતી.

ઉત્તેજનાસભર વાતાવરણમાં બે ટીમોને વિજેતા તેમજ રનર્સ-અપ ઘોષિત કરવામાં આવી હતી. ક્વીઝ દરમિયાન પ્રેક્ષક વિદ્યાર્થીઓને પણ પ્રશ્નો પૂછી પ્રોત્સાહક ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી પ્રશ્નોતરી અને રજૂઆતને સૌએ ખૂબ વધાવીને અભિનંદન પાઠવ્યા હતા.

લાયન્સ કલબ ઑફ ગાંધીનગર દ્વારા ટીમોને ઈનામો અર્પણ કરાયા હતા. સમગ્ર ઈવેન્ટનું સંચાલન કરનાર મહર્ષિ રાવલ ઉપરાંત સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અંકુલ દાસ, મિત, જીત, પુષ્કર, વંદન, હર્ષ, ધિમહી, કિરણ, ગોપી, ઋષિરાજ, રોહન, શિવમ, યોગેશ, જેવીન, હેત્વી, સલોની, નિધિ, પૃથુલ અને પુનિતે ભારે જહેમત ઉઠાવી હતી. લાયન્સ કલબ ઑફ ગાંધીનગરના પ્રમુખ શ્રી નિમેષ રાવલ, સેક્રેટરી શ્રી પદ્મસિંહ ચૌહાણ, ટ્રેઝરર શ્રી અંબુસિંહ ગોલ, સભ્યો શ્રી નટુભાઈ સોલંકી, શ્રીમતી વૈશાલીબેન જોષી વગેરેએ ઉપસ્થિત રહી શાળા પરિવાર તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. શાળાના પ્રિન્સીપાલ સીસ્ટર રેણુકા એ વિજેતા ટીમોને અભિનંદન પાઠવ્યા હતા અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલી આ પ્રકારની પ્રવૃત્તિને બિરદાવી હતી.

સળગાવવાના પ્રયાસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઝુંડાલ પ્રકરણના છ આરોપી ફરાર થઈ ગયા છે. તેમના સ્કેચ બનાવવામાં આવી રહ્યા છે.

ઉનાની ઘટનાએ દલીત સમાજની લાગણીને ઠેસ પહોંચાડી છે ત્યાર બાદ ભડકેલા રોષે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. પાટીદાર આંદોલન બાદ વર્ગ વિગ્રહને વધુ વેગ મળે તેવુ હવે દલીત સમાજનું આંદોલન ઉભુ થયુ છે. જો કે આ વર્ગ વિગ્રહથી સમાજ અને રાજ્યને જ નુકશાન થઈ રહ્યુ છે. અને સૌથી મોટુ નુકશાન એ કે આપણી એકતા તુટી રહી છે. ગઈ રાત્રે બે ઘટનાઓ ગાંધીનગર આસપાસ એસ.ટી. બસ સળગાવવાના પ્રયાસની બનવા પામી છે. બંને પ્રકરણમાં પોલીસે ગુના દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે. ઝુંડાલ પાસે બ્રીજ પર મુસાફર ભરેલી બસને આંતરીને છ શખ્સોએ બસમાં જવલનશીલ પ્રવાહી ભરેલી બોટલ (સળગતી) ફેંકી હતી. મુસાફરે બોટલ બસમાંથી ઉઠાવીને બારીની બહાર ફેંકી દેતા બસ સળગી ઉઠતા બચી ગઈ હતી. જો કે મુસાફરને પગે જવલનશીલ પ્રવાહી પડતા દાઝી ગયા હતા અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ છ શખ્સો સામે અડાલજ પોલીસે ગુનો નોંધી સ્કેચ તૈયાર કરવા તજવીજ શરૂ કરી છે. તો બીજી તરફ સે. ૧૧ એસ.ટી. ડેપોમાં પેટ્રોલની પોટલી લઈને બસ સળગાવવા એક યુવાન ઘુસ્યો હતો જો કે ડેપોના કર્મચારીનું ધ્યાન પડતા તે યુવાનો પીછો કર્યો એટલે તે બહાર પડેલી ગાડી તરફ ભાગ્યો હતો. ત્યાં અન્ય ચાર શખ્સો પણ હતા. ચારેય ભાગી ગયા પરંતુ એક યુવાન પકડાઈ ગયો હતો. તેની ધરપકડ કરી ફરાર આરોપી પકડવા સે. ૭ પોલીસે તજવીજ શરૂ કરી છે. ગાંધીનગરમાં શાંતીપૂર્ણ વાતાવરણ રહ્યુ છે તે કાયમ રહે તે માટે શાંતી જાળવવા એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે અપીલ કરી છે.

સ્થિતિમાં સુધારો

● **અનુસંધાન ત્રીજાનું ચાલુ**

પરંતુ ત્યારબાદ સરકારે ૨૫મી જુલાઈ સુધી સ્કુલો બંધ રાખવાની જાહેરાત કરી હતી. અધિકારીઓએ સ્કુલો ખોલવાના સંદર્ભમાં હજુ કોઈ પ્રતિક્રિયા આપી નથી. સ્કુલના સ્ટાફના સભ્યો સમયસર સ્કુલમાં પહોંચ્યા હતા. આજે ૧૩માં દિવસે સામાન્ય જનજીવન ખોરવાયેલું રહ્યું હતું કારણ કે અન્ય છ જિલ્લાઓમાં સંચારબંધી જારી રાખવામાં આવી છે. અલગતાવાદીઓ દ્વારા આવતીકાલથી ૨૫મી જુલાઈ સુધી ફરી એકવાર હડતાળ પાડવામાં આવનાર છે. સંચારબંધીને કારણે હાલમાં તમામ કારોબાર ઠપ હોવાના કારણે લોકોની હાલત કફોડી બની ગઈ હતી. છેલ્લા ૧૨ દિવસથી સંચારબંધી હોવાના કારણે લોકોને ઘરમાં રહેવાની ફરજ પડી રહી હતી. હવે તબક્કાવારરીતે રાહત આપવાની હિલચાલ ચાલી રહી છે. મોબાઈલ ઈન્ટરનેટ સેવા, ટ્રેન સેવા પણ ધીમે ધીમે હળવી બની રહી છે.

ડેટા તૈયાર નથી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચિત્ર સ્પષ્ટ થયુ છે. વેરો ભરપાઈ કરવામાં ઉદાસીનતા દાખવતા જોડાણકર્તાઓ સામે કોઈ અસરકારક પગલા પણ લેવાતા નથી. જ્યારે આ વખતે તો એજન્સી કક્ષાએથી બીલ વિતરણમાં પણ ભગો ચિતરાતા રહીશાને કોઈક ઠેકાણે બીલ મળ્યા ન હતા તો કેટલાક જોડાણકર્તાઓને ખોટી રકમ દર્શાવતા બીલો પધરાવી દેવાયા હતા. તંત્ર દ્વારા વર્ષ દરમિયાન પણ ઝુંબેશના અંતે પણ વેરો વસુલવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. પરંતુ વેરા વસુલાત ઝુંબેશના ચાર મહીના બાદ પણ તંત્ર પાસે વેરાના બાકીદારોની સ્પષ્ટ યાદી તૈયાર થઈ નથી.

કડક પગલા

● **અનુસંધાન ત્રીજાનું ચાલુ**

કોમ્પ્યુટર ટેકનીકનો ઉપયોગ કરીને વધુ માહિતી એકત્રિત કરી લીધી છે. જેમાં પાન વગર લેવડ દેવડની બાબતોનો સમાવેશ થાય છે. સાત લાખ હાઈરીસ્ક કરદાતાઓની ઓળખ કરી લેવામાં આવી છે. આ ઉપરાંત ૧૪ લાખ પાન વગરની લેવડ દેવડ કરી ચુકેલા કરદાતાઓનો પણ સમાવેશ થાય છે.

સ્માર્ટ પ્રોજેક્ટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તૈયાર કરવામાં આવી છે. જેમાં વાહનોમાં ક્વીક રીસ્પોન્સ કોડના આધારે વાહનોની ઓળખ દર્શાવતા કાર્ડના માધ્યમથી આ સમગ્ર પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. પ્રોજેક્ટના અમલથી નો પાર્કીંગ ઝોનમાં મુકાયેલા વાહનો ટોઈંગ કરવાની જરૂર નહી પડે ઈ ચલન સિસ્ટમમાં પણ ટ્રાફિક પોલીસે પોસ્ટથી ચલન મોકલવાની અનિવાર્યતા નહી રહે તેમ પણ જણાંવ્યુ હતુ. સ્માર્ટ એપ્લીકેશનના અમલથી નગરજનોને રૂબરૂ દંડ ભરપાઈ કરવામાંથી પણ મુક્તિ મળશે. મોબાઈલ તેમજ ઈમેલ મારફતે પણ દંડ ભરપાઈ કરી શકશે. જેના લીધે વહીવટમાં પણ વધુ પારદર્શકતા કેળવી શકાશે. પ્રોજેક્ટના અમલથી ઝડપી અને પારદર્શક દંડ વસુલીની પ્રક્રીયા અમલી બની શકશે. અગાઉ પણ કૌશલ જાનીએ ડ્રાઈવર વગરની પ્રથમ સ્માર્ટ કાર તેમજ ભારતની સુરક્ષા માટે સાઈબર ટ્રેપ તથા સ્માર્ટ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ જેવા મહત્વના પ્રોજેક્ટો તૈયાર કરી ઉપયોગી ખોજ કરી છે.

કોંગ્રેસની માંગ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બોલાવીએ અને સૌના સૂચનો સમાવવા બાબતે તેમનુ મન ખુલ્લુ છે તેઓ આ બાબતે બધા સાથે વાત કરશે અને આગળ વધશે.

આ કાઉન્સીલરોએ કમિશનર મોદી સમક્ષ પણ ઉગ્ર વિરોધ કરી જણાવ્યુ હતુ કે જે કામો દર્શાવાયા છે તેમાં જાહેર સ્થાનો પર જ્યાં મનપાનું સફાઈ તંત્ર પહોંચતુ નથી ત્યાં કાઉન્સીલર તેની ગ્રાન્ટમાંથી તંત્રએ નિયત કરેલા દરે સફાઈ કરાવી શકે તેવી જોગવાઈ કરો. અમે આ ગ્રાન્ટ તમે સફાઈ માટે ફાળવી છે તેના ઉપરાંત ફાળવવા તૈયાર છીએ.

કાઉન્સીલરોએ જણાવ્યું હતુ કે જે કામો માટે ખર્ચ કરવાની જોગવાઈઓ નિયત કરાઈ છે તેના માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ગ્રાન્ટો આવે જ છે. આ તો કાઉન્સીલરો તેમની ગ્રાન્ટ વાપરે નહિ અને વિકાસ થાય નહિ તેવો અભિગમ તંત્ર અપનાવી રહ્યુ છે. એક સ્માર્ટ આંગણવાડી બનાવવા માટે ઓછામાં ઓછો રૂ. ૧૧ લાખનો ખર્ચ થાય પણ તે માટે જમીન નથી તેમજ કાઉન્સીલરની ગ્રાન્ટ માત્ર રૂ. ૬ લાખ તો કરવાનું શું ? બીજા કોઈ પ્રશ્નો પર ધ્યાન જ નહિ આપવાનું અમારે કંઈ કરવાનું જ નહિ. આ પરિપત્ર અન્યાયી છે અને તાકીદે બેઠક બોલાવો.

સિસિકાની મહિલા પાંખ વૃદ્ધાશ્રમ મગોડીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૦

સીનીયર સીટીઝન કાઉન્સિલ ગાંધીનગરની મહિલા પાંખ દ્વારા દેવ શૈયા એકાદશી તા. ૧૫-૭-૨૦૧૬ના રોજ 'રાહેલબા વૃદ્ધાશ્રમ' મુ.પો. મગોડી તા.જી. ગાંધીનગર ની મુલાકાત લેવામાં આવી હતી. તેઓએ ૩૫ વૃદ્ધોને રૂબરૂમાં જઈ ફરાળી શીરો, બટાકાની સુકી ભાજીનું શાક અને મોરૈયાની વાનગીઓ જમાડીને વૃદ્ધોના ખબર અંતર પુછી હુંફ આપી હતી. આ સેવાકીય પ્રવૃત્તિમાં સંસ્થાના કન્વીનર આશાબેન દોશી, મીનાબેન શાહ, જશુબેન ઠકકર, શર્મિષ્ઠાબેન દવે, શિલાબેન શાહ, અનીલાબેન રાણા અને દામીનીબેન લાખીયાની સેવાઓ પ્રાપ્ત થઈ હતી.

સક્ષમ સત્તાધિકારી (ને.હા.-૮) અને ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી
બ્લોક-એ, પહેલો માળ, બહુમાળી ભવન, હિમંતનગર, ફોન નં. ૦૨૭૭૨-૨૪૧૯૨૩

જાહેર નોટીસ

ગુજરાત રાજ્યમાંથી પસાર થતાં નેશનલ હાઈવે નં.૮ ને છ માર્ગીય કરવાના કામે નેશનલ હાઈવે એક્ટ-૧૯૫૬ની જોગવાઈઓ હેઠળ ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ છાલા, પ્રાંતિયા, વલાદ, લવારપુર, મોટી શિહોલી, ફિરોજપુર, ધણપ, દશેલા લીંબડીયા, ચિલોડા (નરોડા), ચન્દ્રાલા અને ચિલોડા (ડભોડા) ગામોની નેશનલ હાઈવે નં.૮ની બંને તરફ આવેલી અને રોડ કપાતમાં જતી જમીનોનાં આખરી એવોર્ડ આ કચેરી દ્વારા જાહેર કરવામાં આવેલ છે. આ નોટીસથી સંબંધિતોને જણાવવાનું કે, નીચે દર્શાવ્યા મુજબના આધાર - પુરાવાઓ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં (જાહેર રજા સિવાય) અત્રેની કચેરીએ જમા કરાવવાના છે. જેથી સંપાદન હેઠળની જમીનનો કબજો સુપ્રત કરવાની અને વળતર ચુકવણીની આગળની કાર્યવાહી થઈ શકે. નિયત સમયમર્યાદામાં ઉક્ત પ્રક્રિયા કરવામાં ચુક થશે તો અત્રેથી સંપાદિત જમીનનો એક તરફી કબજો મેળવવાની કાર્યવાહી કરીને વળતરની રકમ 'રેવન્યુ ડિપોઝીટ હેડે' જમા કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની સર્વે સંબંધિતોએ નોંધ લેવી.

આધાર - પુરાવાની વિગત

૧. અદ્યતન ગા.ન.નં. ૭/૧૨, ૮-અ તથા ૬ના હક્ક પત્રકની લાગુ ફેરફાર નોંધો.
૨. તમામ ખેડૂત ખાતેદારોના ફોટો-આઈ કાર્ડની પ્રમાણિત નકલ
૩. એકથી વધુ ખાતેદારોના કિસ્સામાં સંમતિપત્ર કમ પાવર ઓફ એટર્ની (નિયત નમૂનામાં રૂ. ૧૦૦/-ના નો. જ્યુ. સ્ટેમ્પ પર નોટરી રૂબરૂ)
૪. બેન્કની વિગતો (કેન્સલ ચેક, બેન્ક પાસબુકની નકલ)
૫. પાનકાર્ડની પ્રમાણિત નકલ

**વધુ માહિતી માટે કચેરીનો રૂબરૂ / ટેલીફોન ઉપર સંપર્ક કરવો.

તા. ૨૨/૭/૨૦૧૬ સહી/-
સ્થળ : હિંમતનગર સક્ષમ સત્તાધિકારી (ને.હા.-૮) અને ખાસ જમીન સંપાદન અધિકારી
ક્રમાંક ના.મા.નિ/હિંમત/૨૦૦/૨૦૧૬ હિંમતનગર, જિ. સાબરકાંઠા